<u>**-:નમુનો-અ:-**</u>

આંક-

**જામનગર જિલ્લાના મહેરબાનશ્રી એડીશનલ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં મુકામ: જામનગર**

**ચુકાદાની તારીખ :૨૯/૦૬/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. : ૧૧૧૭૯/૨૦૨૨**

**ગુનાની વિગત**

| | |
|---|---|
| ગુનાની કલમ | **ઇ.પી.કો કલમ-૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), મુજબ...** |
| પ્રથમ માહીતી અહેવાલ નંબર | ૧૧૨૦૨૦૦૯૨૨૧૫૧૫/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન, જામનગર |
| ફરીયાદીપક્ષ | સરકારશ્રી |
| રજુઆત | વિ.એ.પી.પી.શ્રી ડી.એસ.ગોંડલીયા |
| આરોપીપક્ષ | **૧. પરેશ ઉર્ફે પરીયો અરવિંદભાઇ ધોકીયા ,**<br>ઉંમર-૩૦, ધંધો-વેલ્ડીંગકામ,<br>રહે.-હાપા,ક્રિષ્નાપાર્ક સોસાયટી શેરી નં.૧ જામનગર. |
| રજુઆત | આરોપી તરફે વકીલ શ્રી એન.એચ.કનખરા |

**-:નમૂનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૯/૧૧/૨૦૨૨ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૦/૧૧/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૦૮/૧૨/૨૦૨૨ |
| તહોમતનામાની તારીખ | ૦૯/૦૧/૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૨/૦૩/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૯/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**::આરોપીની વિગત::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું /સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ મુજબ. |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | પરેશ ઉર્ફે પરીયો અરવિંદભાઇ ધોકીયા | ૨૨/૧૧/૨૦૨૨ | ૨૩/૧૧/૨૦૨૨ | આઈ.પી.સી કલમ–૪૨૭,૫૦૪, ૫૦૬(૨) મુજબ... | નિર્દોષ છોડયા | | |

**::નમૂનો ક::**

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના સાક્ષીની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુક્રમ** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ફ.સા. ૧ | અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજા | ફરિયાદી |
| ફ.સા. ૨ | ગોપાલભાઇ કલ્યાણજીભાઇ બટા | પંચ |

| | | |
|---|---|---|
| ફ.સા. ૩ | અસરફ જુમાભાઇ બ્લોચ | પંચ |

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| **અનુક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદી –અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૧૨ | અસલ ફરીયાદ |
| ૩ | ૧૭ | પંચ–ગોપાલભાઇ કલ્યાણજીભાઇ બટાની જુબાની |
| ૪ | ૧૮ | પંચનામું |
| ૫ | ૧૯ | પંચ–અસરફ જુમાભાઇ બ્લોચની  જુબાની |

**::-ચુકાદો–::**

**(૧) કેસની ટૂંકી હકીકત :–**

ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત જોઈએ તો ,આ કામના ફરીયાદી પોતાની ઓફીસે હાજર હોય ત્યારે આ કામના આરોપીએ ફરિયાદીની પટેલ ટુર એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસે આવી ફરીયાદીને કહેલ કે ગેસ્ટમાં રાજકોટ જવુ છે   તેમ કહેતા ફરીયાદીએ ગેસ્ટમાં રાજકોટ જવાની ના પાડી ટીકીટના પૈસા આપવાનું કહેતા આરોપી પરેશ ઉર્ફે પરીયો એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને  જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢી પ્રથમ વિકટોરીયા પુલે પટેલ ટ્રાવેલ્સના બસ રજી. નં. એ.આર.  –૦૧–ટી –૬૬૮૩ ના આગળના ભાગે  પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બસના ડ્રાઇવર મહેશભાઇ વાળાને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી બાદ સાતરસ્તા જાડાની ઓફીસ પાસે પટેલ ટ્રાવેલ્સની બસ રજી.નં. એન.એલ.–૦૧–બી–૨૨૮૮ ના આગળના ભાગે પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બંને બસમાં આશરે રૂા. ૨૦ ,૦૦૦/– નું નુકસાન કરી નાસી જઇ ગુન્હો કરેલ સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ અ ૧૧૨૦૨૦૦૯૨૨૧૫૧૫/૨૦૨૨ ના ઇ.પી.કો કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુન્હો કર્યા બાબત તપાસ દરમ્યાન આરોપીઓ પકડાઈ જતા આરોપીઓ વિરૂધ્ધમાં પુરતા પુરાવાના આધારે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) ન્યાયિક કાર્યવાહી :–**

આરોપી સામે ચાર્જશીટ રજુ થતા આરોપી સામે ઉપરોકત ગુન્હોનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ/વોરંટ ધોરણસર બજી જતા જેના અનુસંધાને આરોપી અત્રેની અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ચાર્જરીટ તથા તમામ પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ હોવાની ખાત્રી કર્યા બાદ **આંક–૦૨** થી તહોમતનામું ફરમાવી,**આંક–૦3** ગુન્હો અંગે સમજ આપી નિવેદન લેવામાં આવતા આરોપીએ ગુન્હાનો ઈનકાર કરેલ. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો લેવામા આવેલ.

**ફરીયાદી / બચાવ / ન્યાયાલય ના આંકની યાદી**

**અ. ફરીયાદ પક્ષ**

| અનુક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદી –અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજાની જુબાની |
| ૨ | ૧૨ | અસલ ફરીયાદ |
| ૩ | ૧૭ | પંચ–ગોપાલભાઇ કલ્યાણજીભાઇ બટાની જુબાની |
| ૪ | ૧૮ | પંચનામું |
| ૫ | ૧૯ | પંચઅસરફ જુમાભાઇ બ્લોચની જુબાની |

**(૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ કામે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવતા, આરોપીએ ફરીયાદ પક્ષનો પુરાવો તેઓની રૂબરૂ અને સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જયારે બાકીના પૂછવામાં આવેલ પ્રશ્નોનો ઈન્કારીયતભર્યો જવાબ આપી, જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો તથા બચાવના સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેઓએ નિર્દોષ હોવાની રજૂઆત કરેલ છે.

**(૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખીક દલીલો સાંભળી.

**-::મુદાઓ::-**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદપક્ષ એ હીકકત નિ:શકપણે પુરવાર કરે છે કે , આ કામના ફરીયાદી પોતાની ઓફીસે હાજર હોય ત્યારે |

| | |
|---|---|
| | આ કામના આરોપીએ ફરિયાદીની પટેલ ટુર એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસે આવી ફરીયાદીને કહેલ કે ગેસ્ટમાં રાજકોટ જવુ છે તેમ કહેતા ફરીયાદીએ ગેસ્ટમાં રાજકોટ જવાની ના પાડી ટીકીટના પૈસા આપવાનું કહેતા આરોપી પરેશ ઉર્ફે પરીયો એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢી પ્રથમ વિકટોરીયા પુલે પટેલ ટ્રાવેલ્સના બસ રજી. નં. એ.આર.–૦૧–ટી –૬૬૮૩ ના આગળના ભાગે પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બસના ડ્રાઇવર મહેશભાઇ વાળાને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી બાદ સાતરસ્તા જાડાની ઓફીસ પાસે પટેલ ટ્રાવેલ્સની બસ રજી.નં. એન.એલ.–૦૧–બી–૨૨૮૮ ના આગળના ભાગે પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બંને બસમાં આશરે રૂા. ૨૦ ,૦૦૦/– નું નુકસાન કરી નાસી જઇ ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ અ ૧૧૨૦૨૦૦૯૨૨૧૫૧૫/૨૦૨૨ **ઇ.પી.કો કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ? |
| **(૨)** | શું હુકમ ? |

**(૫)** ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**-::કારણો::–**

**૬.મુદ્દા નં:૧**

**(૬.૧)ફરીયાદી:–**

ફરીયાદપક્ષે **આંક–૧૧** થી **ફરીયાદી** અશોકસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ને તપાસવામાં આવેલા છે. તેમણે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ,ગઇ તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ રાત્રીના સાડા નવેક વાગ્યે તેઓ પટેલ ટ્રાવેલ્સની ઓફીસે હાજર હતા અને તેનું રૂટીન કામ કરતા હતા. જેમાં રાત્રીના બે બસો એક દ્વારકાથી બરોડા સુધીની અને રીલાયન્સથી બરોડા સુધીની જેની ટીકીટનુ બુકીંગ કરતા હતા ત્યારે હાપા ગામમા રહેતો પરેશ ઉર્ફે

પરીયો તેની પાસે આવીને કહેલ કે , તમારી બસમાં રાજકોટની એક ટીકીટ ગેસ્ટ તરીકે કરી આપો,તેથી તેણે તેને કહેલ કે ટીકીટના પૈસા આપો ટીકીટના પૈસા આપવા પડશે જેથી આ પરેશ ઉર્ફે પરીયાએ તેને કહેલ કે તે ઘણા વર્ષોથી પટેલ ટ્રાવેલ્સમાં ગેસ્ટ તરીકે જાય છે તમને આજે શું તકલીફ પડે છે ? જેથી તેને કહેલ કે, હવે પહેલાની જેમ નહીં ચાલે તમારે ટીકીટ લેવી પડશે .જેથી આ પરેશ ઉર્ફે પરીયો એકદમ ઉશ્કેરાઇ જઇ ભુંડી ગાળો બોલવા લાગેલ અને તેને કહેલ કે, આજે તો તેમની બસના કાચ તોડી જ નાખવા પડશે તેમ કહી ત્યાથી જતા રહેલ. ત્યારબાદ પોણા દસેક વાગ્યે રીલાયન્સથી બરોડા જતી બસના ડ્રાઇવર મહેશભાઇ વાળાનો તેના પર ફોન આવેલ અને તેને ફોનમાં કહેલ કે '' વિકટોરીયા પુલ પાસે આપણી બસ ઉભી રાખી પેસેન્જર ભરતો હતો ત્યારે એક મોટરસાઇકલ પર એક ઇસમ આવી તેઓની બસની આગળ ઉભી રાખી તેની પાસે આવી તેનું નામ પરેશ જણાવી અને તેને કહેલ કે તેને રાજકોટ જવુ છે. તેને ગેસ્ટ તરીકે લઇ જવો પડશે.જેથી તેણે તેને લઇ જવાની ના પાડતા જેથી તેણે તેને ભુંડી ગાળો કાઢી રસ્તા પરથી પથ્થર ઉપાડી બસના આગળના ભાગના કાચમાં મારી કાચ તોડી નાખેલ અને આ પરેશ તેને જતા જતા કહેતો ગયેલ કે આજ પછી તેને ગેસ્ટ તરીકે નહી લઇ જાવ તો તેને જાનથી મારી નાખશે તેમ કહી જતો રહેલો.'' તેમ કહી વાત કરતા તે તરત જ વિકટોરીયા પુલે ગયેલ ત્યાં જઇને જોયુ તો તેની પટેલ ટ્રાવેલ્સની બસ જેના રજી. નં. એઆર. –૦૧– ટી–૬૬૮૩ના આગળના ભાગે કાચ તુટેલ હતો અને તે તથા મહેશભાઇ બનાવ બાબતે વાતચીત કરતા હતા તે દરમ્યાન દ્વારકાથી બરોડા જતી બસના ડ્રાઇવર નવલસિંહ ચાૈહાણનો તેની પર ફોન આવેલ કે જાડાની બીલ્ડીંગ પાસે પેસેન્જર ભરતો હતો ત્યારે એક ઇસમ આવી તેણે તેનું નામ પરેશ જણાવી અને તેને કહેલ કે તેની એક બસનો કાચ વિકટોરીયા પુલ પાસે તોડી નાખેલ અને તેના મેનેજરે તેને ગેસ્ટની ટીકીટ આપવાની ના પાડેલ છે ત્યારે તેને ગેસ્ટ તરીકે લઇ જવો છે કે કેમ તેથી તેણે ના પાડેલ તેથી તેણે રોડ પર પડેલ પથ્થર બસના આગળના ભાગે મારી બસનો આગળનો કાચ તોડી નાખેલ તેમ વાત કરતા તે તરત જ સાતરસ્તે ગયેલ જયાં તેઓની પટેલ ટ્રાવેલ્સની બસ જેના રજી. નં. એન.એલ.–૦૧– બી–૨૨૮૮ના આગળના ભાગનો કાચ તુટેલ હતો. આમ આરોપીએ તેઓની બંને બસના કાચ તોડી નાંખી રૂા. ૨૦,૦૦૦/– નું નુકસાન કરી તે તથા તેના બસના ડ્રાઇવર મહેશભાઇ વાળાને ભુંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હોય જેથી તેને તેમની સામે ધોરણસર થવા ફરિયાદ આપેલી. તેને આજરોજ ફરિયાદની નકલ બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે , તેમાં ફરિયાદ તરીકે તેની સહી છે જે ઓળખી બતાવેલ છે.જેને રજુ દાખલ આંક –૧૨ આપવામાં આવેલ છેે.આરોપી કોર્ટમાં હાજર નથી હાજર હોય તો ઓળખી બતાવત.ત્યારબાદ પોલીસે તેને બનાવવાળી જગ્યાનું પંચનામું કરવા બોલાવેલ, જયાં તેઓએ બે પંચોની હાજરીમાં બનાવવાળી જગ્યા બતાવેલી જે તા. ૨૦/૧૧/૨૦૨૨ ના ૧૦ –૩૦ થી ૧૧–૦૦ કરેલ હતુ.

બચાવપક્ષ દ્વારા સદર ફરીયાદીને ઉલટ તપાસમાં વિવિધ રીતે પડકારવામાં આવેલા છે. જેમાં તેઓ કબુલ કરતા જણાવે છે કે, પોલીસે તેઓનું નામ–ઠામ પુછેલ તે સીવાય બીજી કોઇ હકિકત તેને પોલીસને લખાવેલ નથી.

તેઓ કબુલ કરતા જણાવે છે કે, આ કામમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી સીવાય બીજો કોઇ બનાવ બનેલ નથી. તેઓ કબુલ કરતા જણાવે છે કે, આ કામના આરોપીએ તેઓની ટ્રાવેલ્સની બસમાં કોઇ નુકશાન કરેલ હોય તેવું બનેલ નથી.તેઓ કબુલ કરતા જણાવે છે કે, આ કામના આરોપીએ તેઓને કોઇ ધાક–ધમકી આપેલ હોય જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.તેઓ ઇન્કાર કરતા જણાવે છે કે , તેઓએ બસમાં જે નુકસાન થયેલ તે અન્ય બસ બાજુમાંથી નીકળતા તેના વ્હીલમાં પથ્થર આવી જતા તે પથ્થર તેઓની બસના કાચના ભાગે લાગતા બસમાં નુકસાન થયેલું.તેઓ કબુલ કરતા જણાવે છે કે , આ કામના આરોપીએ તેઓની બસને નુકસાન કરેલ નથી.

**(૬.૨)પંચ:–**

હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્વારા તેમનો કેસ પુરવાર કરવા માટે **આંક: ૧૭** થી **પંચ** ગોપાલભાઇ કલ્યાણજીભાઇ બટાને તથા **આંક: ૧૯** થી **પંચ** અસરફ જુમાભાઇ બ્લોચને સોગંદ ઉપર તપાસવામાં આવ્યા છે. પરંતુ તેઓ **આંક:૧૮** વાળા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઇન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વ નો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી.

(૭) પુરાવાકીય મુલ્યાંકન:–

**(૭.૧)** હાલના કામે આરોપી વિરુદ્ધ આ કામના ફરીયાદી પોતાની ઓફીસે હાજર હોય ત્યારે આ કામના આરોપીએ ફરિયાદીની પટેલ ટુર એન્ડ ટ્રાવેલ્સ નામની ઓફીસે આવી ફરીયાદીને કહેલ કે ગેસ્ટમાં રાજકોટ જવુ છે તેમ કહેતા ફરીયાદીએ ગેસ્ટમાં રાજકોટ જવાની ના પાડી ટીકીટના પૈસા આપવાનું કહેતા આરોપી પરેશ ઉર્ફે પરીયો એકદમ ઉશ્કેરાઇ જઇ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો કાઢી પ્રથમ વિકટોરીયા પુલે પટેલ ટ્રાવેલ્સના બસ રજી. નં. એ.આર.–૦૧–ટી –૬૬૮૩ ના આગળના ભાગે પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બસના ડ્રાઇવર મહેશભાઇ વાળાને ભુંડી ગાળો કાઢી જાનથી મારી નાંખવાની ધમકી આપી બાદ સાતરસ્તા જાડાની ઓફી સ પાસે પટેલ ટ્રાવેલ્સની બસ રજી.નં. એન.એલ.–૦૧–બી–૨૨૮૮ ના આગળના ભાગે પથ્થરનો ઘા મારી બસનો કાચ તોડી નાખી બંને બસમાં આશરે રૂા. ૨૦ ,૦૦૦/– નું નુકસાન કરી નાસી જઇ ગુન્હો કરી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટે.ના ગુ.રજી.નં.ભાગ અ ૧૧૨૦૨૦૦૯૨૨૧૫૧૫/૨૦૨૨ **ઇ.પી.કો કલમ–૪૨૭, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું તહોમત છે. તેવામાં સદર કલમનોના તત્વો નીચે મુજબના છે.

<u>ઈ.પી.કો. કલમ–૪૨૭: પચાસ રૂપિયાનું નુકસાન થાય તેવો બગાડ કરવા બાબત</u>

જો કોઈપણ વ્યક્તિ કોઈ વ્યક્તિ બગાડ કરીને પચાસ રૂપિયાનું અથવા તેથી વધુ રકમનું નુકસાન અથવા હાની કરે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા દંડની અથવા તે બંને શિક્ષા કરવામાં આવેશે.

<u>ઈ.પી.કો. કલમ–૫૦૪: સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન</u>

ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યક્તિ જાહેર સુલેહશાંતિની ભંગ જરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યક્તિ જાહેર સુલેશશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં**લ** કોઈ પણ વ્યક્તિ ઈરાદાપૂર્વક અન્ય કોઈ વ્યક્તિનું અપમાન કરીને તેને ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવેશે.

<u>ઈ.પી.કો. કલમ ૫૦૬: ગુન્હાહિત ધમકીની સજા</u>

કોઈપણ વ્યક્તિ ગુન્હાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે. જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા વગેરે કરવાની હોય – અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા અઆગથી કોઈ મિલકત નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્રહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

સદર કલમોના તત્વોને ધ્યાને રાખી હાલના કામે પડેલ પુરાવાની ચર્ચા કરવામાં આવે તો **આંક–૦૮** થી **પંચસાક્ષી** ભીખુભા દિલીપસિંહ જાડેજાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. પરંતુ તેઓ આંક– ૧૭ વાળા મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય તેઓને <u>ફરી ગયેલા</u> જાહેર કરવામાં આવેલ છે અને તેમને ઇન્ડિયન એવિડન્સ એક્ટ ની કલમ ૧૫૪ મુજબ ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા સૂચક પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી પરંતુ સદર તપાસમાં ફરિયાદ પક્ષને કોઈ મહત્વનો પુરાવો મળી આવેલ ન હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ નથી તથા **આંક– ૧૧** થી **ફરીયાદી અશોકસિંહ જાડેજા** નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેમાં સરતપાસમાં તેઓએ આંક:૧૨ વાળી ફરિયાદની હકીકતને મહદઅંશે સમર્થન કરતી જુબાની આપેલી છે. પરંતુ તેઓએ તેમની ઉલટ તપાસમાં કબુલ કરતા જણાવેલ છે કે, પોલીસે તેઓનું નામ–ઠામ પુછેલ તે સીવાય બીજી કોઇ હકિકત તેને પોલીસને લખાવેલ નથી. વધુમાં તેઓએ કબુલ કરતા જણાવેલ છે કે , આ કામમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી સીવાય બીજો કોઇ બનાવ બનેલ નથી તેમજ આ કામના આરોપીએ તેઓની ટ્રાવેલ્સની બસમાં કોઇ નુકશાન કરેલ હોય તેવું બનેલ નથી તેમજ આ કામના આરોપીએ તેઓને કોઇ ધાક–ધમકી આપેલ હોય જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી. આમ, સદર ફરિયાદીની આંક:૧૨ વાળી ફરિયાદની હકીકત તથા તેમની સોગંદ ઉપરની સર તપાસ તથા તેમની બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલ ઉલટ તપાસમાં અતિ મહત્વની કહી શકાય તેવી વિસંગતતાઓ રેકર્ડ ઉપર આવેલી હોય , અન્ય ઠોસ અને માનવાલાયક સમર્થનકારી પુરાવાના અભાવે તેમના એકલાની જુબાની ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. વધુમાં ત્યારબાદ ફરિયાદપક્ષ દ્વારા તેમને હાલના કામે અન્ય કોઈ પુરાવા રજુ રાખવા નથી તેવું આંક:૧૭ ની કલોઝિંગ પુર્સીસ રજુ રાખીને જાહેર કરેલ હોય હાલના કામે અન્ય કોઈ સાહેદને તપાસવામાં આવેલા નથી . આમ,

ફરીયાદપક્ષ દ્વારા હાલના આરોપીએ ફરીયાદમા જણાવ્યા મુજબનો ગુનો કરેલો છે તેવુ હાલના આરોપીનુ ફરીયાદ વાળા બનાવ સાથે સીધી રીતે સંબધ નો કોઇ પુરાવો રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલા હોવાનુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે અને જયારે ફોજદારી કાયદાનો પ્રસ્થા પિત સિદ્ધાંત છે કે ફોજદારી કેસમાં આરોપી સામેનો ગુનો નિશંક રીતે પડેલા પુરાવાથી સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવાનું રહે છે કે આરોપી નિર્દોષ છે અને તેનો લાભ આરોપીઓને આપવો જોઈએ અને આરોપી સામેના કેસની સાબિતીનો બોજો ફરિયાદ પક્ષ ઉઠાવી શકે નહી. આમ, હાલના કેસમાં આરોપી ખરેખર સદર ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે પડેલા પુરાવાથી નિશંકપણે સાબિત થતું ન હોય ન્યાયના હિતમાં મુદ્દા નં: ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં ૨ માટે ન્યાય ના હિત માં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ::: આખરી હુકમ :::

**(૧)** આરોપી **પરેશ ઉર્ફે પરીયો અરવિંદભાઇ ધોકીયા** નાઓને ક્રી.પ્રો.કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો કલમ-૪૨૭,૫૦૪,૫૦૬(૨) અન્વયેના ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો અથવા રૂપિયા ૧૫,૦૦૦/- ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત જામીન રજુ કરવાનો ક્રી.પ્રો.કોડની કલમ ૪૩૭-એ લગત હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ : ૨૯મી, માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :** ૨૯/૦૬/૨૦૨૬
જામનગર.

**(ખુશ્બુ મુકેશભાઈ ભટ્ટ)**
એડિશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**જામનગર.**
જી.જે.૦૧૫૫૯